જૈન શારદાપૂજન વિધી.

છપાવી પ્રસિદ્ધકર્તા,

શાહ. કેશવલાલ ગોકળદાસ

ઠે૦ રૂપાસુરચંદની પોળ, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી-પ્રત ૨૦૦૦ સંવત ૧૯૮૩-સને ૧૯૨૭

આ ચોપડી

અમદાવાદ-ઘીકાંટા, સીવીલ હોસ્પીટલ સામે આવેલા
ટેલ મુદ્રણાલય (પ્રેસ)માં પા. રામલાલ છોટાલાલે છાપ્યા.

કીંમત એક આનો

જૈન ભાઇઓને ખુશખબર.

તૈયાર છે ! તૈયાર છે !! તૈયાર છે

અમોએ તમારા માટે મહેનત કરીને

નીત્ય સ્મરણ સ્તોત્ર

તથા

અંત સમયની ક્રીયા

નામનું પુસ્તક છપાવલ છે જેની અંદર નવસ્મરણ, પુન્યપ્રકાશકનું સ્તવન, છવરાશીનું સ્તવન, રત્નાકરપચીશી, નારકીના ઢાળીઆ, ગૌતમનો રાસ તથા ચઉશરણ આદિર પચ્ચખાણનું ગુજરાતી ટાઇપોમાં છાપેલું છે. ભાષાંતર વિગેરેથી ભરપુર રોયલ સોલપેજી બાર ફરમા એટલે ૧૯૨ (એકસો બાણુ) પાના ગ્લેજ કાગળ પાકુ પુઠુ છતાં દરેક ભાઇ તેનો લાભ લઇ શકે માટે કારતક સુદ ૫ની અંદર મંગાવનારને ફક્ત દશ આનામાં મોકલવામાં આવશે. પોસ્ટેજ માફ. ત્યારબાદ બાર આના પોસ્ટેજ જુદું.

આજેજ લખો.

શાહ કેશવલાલ ગોકળદાસ.

ઠે૦ રૂપાસુરચંદની પોળ, અમદાવાદ.

જૈન શારદા પુજન
વિધિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. કેશવલાલ ગોકળદાસ.

ઠે. રૂપાસુરચંદની પોળ,

અમદાવાદ.

આવૃતિ ૧ લી. પ્રત બે હજાર.

સંવત ૧૯૮૩ સને ૧૯૨૭

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં ચમનલાલ જીવરામે છાપી.

ઠે. ઘીકાંટા રોડ સીવીલીઇસ્પીતાલ પાસે

અમદાવાદ.

મુલ્ય એક આનો.

જૈન શાસ્ત્રોક્ત ચોપડા પૂજનવિધિ.

શુભ મુહૂર્તે (સારા ચોઘડીએ) પ્રથમ ચોપડો શુભ બાજોઠ ઉપર પૂર્વ અગર ઉત્તર દિશા તરફ સ્થાપવો, પડખે ઘીનો દીપક તથા ધૂપ રાખવો, પૂજા કરનારે પોતાના જમણા હાથે નાડાછડી બાંધવી; અને પછી મનોહર લેખણ લઈ નીચે લખ્યા મુજબ નવીન ચોપડામાં લખવું.

શ્રી પરમાત્માય નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ શ્રી સરસ્વત્યૈ નમઃ શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હોજો, શ્રી કેશરીયાજીનો ભંડાર ભરપુર હોજો, શ્રી ભરતચક્રવર્તીની ઋદ્ધિ હોજો, શ્રી બાહુબલિનું બલ હોજો, અભયકુમારની બુદ્ધિ હોજો, શ્રી કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો, શ્રી ધન્નાશાલીભદ્રની સંપત્તિ હોજો. આટલું લખ્યા પછી નવી સાલ, મહીનો દીવસ વગેરેથી પૂર્ણ કરવું.

આટલું કર્યા બાદ તેની નીચે નીચે મુજબ એકથી નવ સુધી 'શ્રી' ની ઢેરી આકારે કરવી.

શ્રી

શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

અને ચોપડો સાંકડો હોય તો સાત કે પાંચ 'શ્રી' કરવી, ત્યાર પછી તેની નીચે સ્વસ્તિક (સાથીઓ) કુંકું-મથી કરવો અને સ્વસ્તિક ઉપર અખંડ નાગરવેલનું પાન મુકવું અને તે પાન ઉપર સોપારી, એલચી, લવિંગ અને રૂપાનાણું મૂકવું, પછી ચોપડાને ફરતી જળધારા દઇને વાસક્ષેપ અક્ષત અને પુષ્પની કુસુમાંજલી હાથમાં લઇ ના-ચેના શ્લોક બોલી ચોપડા ઉપર તે કુસુમાંજલી ક્ષેપવી.

મંગલં ભગવાન્ વીરો । મંગલં ગૌતમઃ પ્રભુઃ ।।
મંગલં સ્થુલિભદ્રાદ્યાઃ । જૈનો ધર્મોઽસ્તુ મંગલમ્ ।। ૧ ।।

॥ અથ શ્રી મંત્રસ્તવન પ્રારંભઃ ॥

સ્વઃશ્રીયં શ્રીમદર્હંતઃ । સિદ્ધા સિદ્ધિપુરીપદમ્ ॥ આચાર્યાઃ પંચધાચાર । વાચકા વાચનાં વરામ્ ॥ ૧ ॥ સાધવઃ સિદ્ધિસાહાય્યં । વિતન્વન્તુ વિવેકિનાં ॥ મંગલાનાં ચ સર્વેષામાદ્યં ભવતિ મંગલમ્ ॥ ૨ ॥ અર્હમિત્યક્ષરં માયા–બીજં ચ પ્રણવાક્ષરં ॥ એનં નાનાસ્વરૂપં ચ ધ્યેયં ધ્યાયન્તિ યોગિનઃ ॥ ૩ ॥ હૃત્પદ્મષોડશદલ સ્થાપિતં ષોડશાક્ષરં ॥ પરમેષ્ઠિસ્તુતેર્બીજં । ધ્યાયેદક્ષરદં મુદા ॥૪॥ મંત્રાણામાદિમં મંત્રં । તંત્રં વિઘ્નૌઘનિગ્રહે ॥ યે સ્મરંતિ સદૈવૈનં । તે ભવંતિ જિનપ્રભાઃ ॥૫॥

ત્યાર પછી નીચે લખેલ મંત્ર બોલતા જવું. અને દરેક દ્રવ્યથી શારદાપૂજન કરતા જવું.

મંત્ર. ૐ હ્રીં શ્રી ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વ રૂપાયૈ લોકાલોકપ્રકાશિકાયૈ સરસ્વત્યૈ જલં સમર્પયામિ સ્વાહાઃ ઇતિ જલ પૂજા.

એવી રીતે મંત્ર બોલતા જવું. અને જલં સમર્પયામિને બદલે જે દ્રવ્યની પૂજા અનુક્રમે આવતી જાય તે દ્રવ્ય સમર્પયામિ એમ બોલતા જવું

(૧) ૧જલપુજા પછી (૨) ૨ ચંદન (૩) પુષ્પ (૪) ધૂપ (૫) દીપ (૬) અક્ષત (૭) નવેદ્ય (૮) ફલ, એમ આઠ દ્રવ્યથી પુજા કર્યા પછી બે હાથ જોડી નીચેનું સ્તોત્ર બોલવું અથવા સાંભળવુ.

॥ અથ શ્રી શારદાસ્તવન પ્રારંભઃ ॥

વાગ્દેવતે ભક્તિમતાં સ્વશક્તિકલાપવિત્રા સિતવિગ્રહા મે ॥ બોધં વિશુદ્ધં ભવતિ વિધત્તાં કલાપવિત્રા સિતવિગ્રહા મે ॥ ૧ ॥ અંકપ્રવીણા કલહંસપત્રા કૃતસ્મરેણાનમતા નિહંતુ ॥ અંક પ્રવીણા કલહંસપત્રા સરસ્વતી શાશ્વદપોહતાહઃ ॥ ૨ ॥ બ્રાહ્મી વિજેષીષ્ટ વિનિદ્રકુંદપ્રભાવદાતા ઘનગર્જિતસ્ય ॥ સ્વરેણ જૈત્રી ઋતુનાં સ્વકીય પ્રભાવદાતા ઘનગર્જિતસ્ય ॥ ૩ ॥ મુક્તાક્ષમાલા લસદૌષધીશાશુડશુજ્વલા ભાતિ કરે ત્વદીયે ॥ મુક્તાક્ષમાળા લસદૌષધીશા વાં પ્રેક્ષ્ય ભેજે મુનયોડપિ હર્ષમ્ ॥ ૪ ॥ જ્ઞાનં પ્રદાતુ પ્રવણા ભવાતિશયાલુનાનાં ભવ પાતકાનિ ॥ ત્વં નેમુષાં ભારતિ પુંડરીકશયાલુનાનાં ભવપાતકાનિ ॥ ૫ ॥ પ્રૌઢપ્રભાવા સમપુસ્તકેન ધ્યાતાસિ યેનાપિ વિરાજીહસ્તા ॥ પ્રૌઢપ્રભાવા સમપુસ્તકેન વિદ્યાસૂધાપૂરમહૂરદ્દઃખાઃ ॥ ૬ ॥ તુભ્યં પ્રણામિઃ

૧ જલપુજા એટલે સુક્ષ્મ છાંટણાં અથવા ફરતી ધારા દેવી.
૨ આ ચંદનપૂજામાં કેસરયુક્ત સુખડ અથવા એકલું સુખડ વાપરવુ.

ક્રિયતે મયેન મશાલયેન પ્રમદેન ગાતઃ ॥ અતિપ્રતાપે ભુવિં તસ્ય તભ્રમશાલયેન પ્રમદેન વાતઃ ॥ ૭ ॥ રૂચ્યારવિંદભ્રમદં કરોતિ વેલં યદિ યોઽર્વનિ ડંધ્રિયુગ્મં ॥ રૂચ્યારવિંદભ્રમદં કરોતિ સ સ્વસ્ય ગોષ્ટીં વિદુષાં પ્રવિશ્ય ॥ ૮ ॥ પાદપ્રસાદાત્તવ રૂપસંપતૂ લેખાભિરામોહિતમાનવેશઃ ॥ અવેન્નરઃ સૂક્તિભિરંબ ચિત્રોલ્લેખા ભિરામોહિતમાનવેશઃ ॥ ૯ ॥ સિતાંશુકાં તે નયનાભિરામાં મુક્તિસમારાધ્યભવેન્ મનુષ્યઃ સિતાંશુકાં તે નયનાભિરામાંબકારસૂર્ય ક્ષિતિપાવતંસઃ ॥૧૦॥ યેન સ્થિતં ત્વામમુ સર્વતીર્થ્યૈઃ ખમાજિતામાનતમસ્તકેન ॥ દુર્વાદિનાં નિર્દલિતં નરેંદ્ર સભાજિતામાનતમસ્તકેન॥૧૧॥ સર્વજ્ઞવકત્રવર તામરસાંકલીના માલિંગતી પ્રણયમંથરયા દશૈવ ॥ સર્વજ્ઞવકત્રવરતામરસાંકલીના પ્રાણીતુ વશ્રુતયશા શ્રુતદેવતા નઃ ૧૨ કૃતસ્તુતિનિવિડભક્તિજડપૂકતૈર્ગુંફૈર્ગિરામિતિગિરામધિ દેવતા સા ॥ બાલોઽનુકંપ્ય ઈતિરોપયતુ પ્રસાદ સ્મેરાંદ્રશંમયિ જિનપ્રભસૂરિવર્ય્યાઃ ॥ ૧૩ ॥

ત્યાર પછી આરાત્રક (આરતી) ઉતારવી, અને પછી નીચે પ્રમાણે ગૌતમાષ્ટક બોલી દાન આપવું.

શ્રી ઈંદ્રભૂતિં વસુભૂતિપુત્રં । પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નં ॥ સ્તુવંતિ દેવાસુરમાનવેંદ્રા સ ગૌતમો યચ્છતુ વાંછિત

મે ।। ૧ ।। શ્રી વર્દ્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય । મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન ।। અંગાનિ પુર્વાણિ ચતુર્દશાપિ । સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।। ૨ ।। શ્રી વીરનાથેન પુરા પ્રણીતં । મંત્રં મહાનંદસુખાય યસ્ય ।। ધ્યાયંત્યમી સૂરિવરાઃ સમથાઃ । સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।। ૩ ।। યસ્યાભિધાનં મુન યોઽપિ સર્વે । ગૃહ્યન્તિ ભિક્ષા ભ્રમણસ્ય કાલે મિષ્ટાન્નપાનાં વરપુર્ણકામાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।। ૪ ।। અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશકત્યા યયૌ । જિનાનાં પદવંદનાય ।। નિશયમ્ય તીર્થાતિશયઃ સુરેભ્યઃ । સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।।૫।। ત્રિપંચસંખ્યાશતતાપસાનાં । તપઃકૃશાનામ પુનર્ભવાયા ।। અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા । સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।। ૬ ।। સદક્ષિણં ભોજનમેવ દેયં । સાધર્મિક સંઘસપર્યયેતિ ।। કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનીનાં । સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ।।૭।। શિવ ગતે ભર્તરિ વીરનાથે । યુગપ્રધાનત્વમિહૈવ મત્વા ।। પટ્ટાભિષેકો વિદધે સુરેંદ્રાઃ । સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।। ૮ ।। ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં સજ્ઞાનબીજં જિનરાજબીજં ।। યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।। ૯ ।। શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ । પ્રબોધ કાલે મુનપુંગવા યે ।। પઠંતિ તે ભૂરિપદૈઃ સદૈવાનંદં લભંતે સુતરાં ક્રમેણ ।।૧૦।।

।। ઇતિ શ્રી ગૌતમાષ્ટકં સંપુર્ણમ્ ।।

અથવા નીચે પ્રમાણે કહેવુઃ—

અથવા દીવાળી પૂજન.

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
તે ગુરૂ ગૌતમ સમરીએ, વંછીત ફળ દાતાર.
પ્રભુવચને ત્રીપદી લહી, સૂત્ર રચે તેણીવાર,
ચઊદે પુર્વમા રચે, લોકાલોક વિચાર.
ભગવતી સૂત્રે કર નમી, બંભી લીપી જયકાર;
લોક લોતરત્તર સુખ ભણી, ભાષા લીપી અઢાર ૩
વીર પ્રભુ સુખીયા થયા, દીવાળી દિન સાર;
અંતર મહૂરત તતક્ષણે, સુખીઓ સહુ સંસાર ૪
કેવળજ્ઞાન લહે તદા શ્રી ગૌતમ ગણધાર;
સુરનર હરખ ધરી પ્રભુ, કરે અભિષેક ઉદાર. ૫
સુરનર પરષદા આગળે; ભાપે શ્રીસુત જાણ;
નાણ થકી જંગજાણીએ, દ્રવ્યાદિક ચોઠાણ. ૬
તે શ્રુતજ્ઞાનને પુજીએ, દીપ ધૂપ મનોહાર;
વીર આગમ અવીચળ રહો, વરસ એકવીશ હજાર. ૭